
# શ્રી ભાવનગર જિલ્લા લેઉવા પટેલ એજયુકેશન & મેડિકલ ટ્રસ્ટ – સુરત

સંચાલિત

# જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલ
# જે.બી. એન્ડ કાર્પ કન્યા વિદ્યામંદિર

- જે.બી. ડાયમંડઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલ
- જે.બી. એન્ડ કાર્પ કન્યા વિદ્યામંદિર
- પી. પી. લાઠિયા કિન્ડર ગાર્ટન
- બલર–નાવડિયા પ્રાયમરી સ્કૂલ
- જે. પી. કાંસોદરિયા (નાવડાવાળા) સેકન્ડરી સ્કૂલ
- માતૃશ્રી દવલબા મુંજાણી હાયર સેકન્ડરી સ્કૂલ
- જી. જી. ઝડફિયા મેડિકલ સેન્ટર
- ડી. બી. તેજાણી મેડિકલ સેન્ટર

# સરદાર વલ્લભભાઈ પટેલ




## પાટીદારોને કાયમી પ્રેરક સંદેશ

"સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો, ભલે શરીરે તમે દુબળા હો પરંતુ કાળજું વાઘ – સિંહનું રાખો, સાચું કહેવાની હિંમત રાખો, અન્યાય સામે તમને અંદરોઅંદર લડાવી ન શકે એવી સમજણ રાખો.

પાટીદારોને હું તેજસ્વી જોવા ઈચ્છું છું. કોઈ એમ ન કહી શકે કે કંગાળ કે ખોટી વણિક વૃત્તિના પાટીદારો શું કરી શકે ? બીજા કોઈ જેટલા બહાદુર થઈ શકે તેટલા પાટીદારો પણ થઈ શકે. પોતાના માન ખાતર મરતા શીખવું જોઈએ. અંધશ્રદ્ધા અને આળસ છોડી દો, વહેમો હટાવી દો, નીડર બનો, સંપ રાખો, કાયરતા ખંખેરી નાખો."

# ટ્રસ્ટના મુખ્ય દાતાશ્રીઓ



શ્રી જીવરાજભાઈ પી. સુરાણી



શ્રી ભગવાનભાઈ કે. ફુકડિયા



શ્રી કિશોરભાઈ બી. વિરાણી
(માલદાર)



શ્રી અનિલભાઈ બી. વિરાણી
(માલદર)



સ્વ. જે. પી. કાંસોદરિયા
(સાગર બિલ્ડર્સ - નાવડાવાળા)



શ્રી ડી. પી. કાંસોદરિયા
(સાગર બિલ્ડર્સ - નાવડાવાળા)



માતૃશ્રી દવલબા મુંજાણી



શ્રી મનુભાઈ જે. બલર



શ્રી ઈશ્વરભાઈ વી. નાવડિયા



માતૃશ્રી ગોદાવરીબા જી. ઝડફિયા



શ્રી અરવિંદભાઈ માવાણી



માતૃશ્રી પૂતળીબા પી. લાઠિયા



શ્રી અનુભાઈ ડી. તેજાણી



શ્રી જસમતભાઈ એન. વીડિયા



શ્રી મનહરભાઈ એમ. કાકડિયા



શ્રી ખીમજીભાઈ કે. દેવાણી



શ્રી કૌશિકભાઈ આર. કિકાણી

‘તમસો મા જ્યોતિર્ગમય’ ઉકિતને સાર્થક કરવા સંસ્થાના મુખ્ય દાતાશ્રીઓએ શાળામાં અધતન શૈક્ષણિક સવલતો ઉભી કરવા છૂટા હાથે સખાવત કરી છે, સંપૂર્ણ સુવિધાયુકત શ્રેષ્ઠ શાળા બનાવવા ઉદારતા દાખવી છે. પોતાના વ્યવસાયમાંથી સમય કાઢી સમાજનાં બાળકોને શ્રેષ્ઠ જીવનશિક્ષણ આપવા એક અભિયાન આંરભી જ્ઞાનગંગા દ્વારા સમાજ અને દેશસેવાનું કામ અમારા મુખ્ય દાતાશ્રીઓએ કર્યું છે. દાતાશ્રીઓનો ઉમદા હેતુ નજીવી ફીમાં ગુણવત્તાયુકત શિક્ષણ—સમાજ માટે આશીર્વાદરૂપ છે. ટ્રસ્ટીશ્રીઓ માત્ર આર્થિક સહયોગ આપીને જ નથી અટકી જતા દર અઠવાડિયે શાળાની મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન આપે છે અને સૌ કાર્યકર્તાઓને સાબદા રાખે છે. અને પ્રેરકબળ પૂરું પાડે છે.

# ટ્રસ્ટના હોદ્દેદારશ્રીઓ



**શ્રી ધરમભાઈ પી. લાઠિયા**
**પ્રમુખશ્રી**



**શ્રી માવજીભાઈ પી. સવાણી**
**ઉપપ્રમુખશ્રી**



**શ્રી નાગજીભાઈ જે. પટેલ**
**મંત્રીશ્રી**



**શ્રી ભગવાનભાઈ કે. કુકડિયા**
**ઉપપ્રમુખશ્રી**



**શ્રી મોહનભાઈ આર. મુંજાણી**
**સહમંત્રીશ્રી**



**શ્રી વલ્લભભાઈ પી. કાંસોદરિયા**
**ખજાનચીશ્રી**



**શ્રી મનુભાઈ જે. બલર**
**સહમંત્રીશ્રી**



**શ્રી મૂળજીભાઈ વી. ધામેલિયા**
**સહખજાનચીશ્રી**



**શ્રી જાદવભાઈ આર. મોણપરા**
**કો-ઓર્ડિનેટરશ્રી**



**શ્રી માણેકભાઈ એસ. લાઠિયા**
**સહખજાનચીશ્રી**

**શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરતનો સામાજિક ક્ષેત્રે ઉદાહરણરૂપ સિંહ ફાળો.**

- માતૃશ્રી ગોદાવરીબા ગાંડાભાઈ ઝડફિયા મેડીકલ સેન્ટર એન્ડ મેડિકલ સ્ટોર, 'રૂદ્રાક્ષ' હિરાબાગ, વરાછા રોડ, સુરત–૩૯૫૦૦૬. ફોન નં. : ૦૨૬૧–૨૫૬૨૨૫૫
- શ્રી દેવરાજભાઈ બાવાભાઈ તેજાણી મેડીકલ સેન્ટર એન્ડ મેડિકલ સ્ટોર, લક્ષ્મી દર્શન કોમ્પલેક્ષ, પહેલો માળ, વેડરોડ, સુરત–૩૯૫૦૦૪. ફોન નં. : ૦૨૬૧–૨૫૨૧૮૯૦/૯૧
- રાહતદરની મેડિકલ સુવિધા :
- બંને મેડિકલ સ્ટોર પર ૨૦% રાહતદરે દવાઓ આપવામાં આવે છે. મેડિકલ ઓફિસર દ્વારા દરેક દર્દીનો ઓ.પી.ડી. ચેકઅપ રૂ.૧૦/– ના નજીવા દરે બે દિવસ માટેની મફત દવા આપી કરાય છે. મોતિયાનું ઓપરેશન લેન્સ સાથે માત્ર રૂ. ૨૫૦૦/–, સોનોગ્રાફી (કલરડોપ્લર) હાઈ પિક્સલ મશીન ઉપર માત્ર રૂ. ૨૩૦/–, ડિજીટલ એક્ષ–રે માત્ર રૂા. ૧૦૦/–, ડેન્ટલ ચેકઅપ માત્ર રૂ. ૨૦/– તથા લેબોરેટરી ટેસ્ટ ૫૦% રાહતદરે. આમ દરેક સુવિધા નાના માણસ પણ લઈ શકે તે રીતે અપાય છે.
- સ્પેશ્યાલિસ્ટ અને સુપર સ્પેશ્યાલિસ્ટ મેડિકલ સુવિધાઓ : ફીઝીશ્યન સર્જન (M.S), પિડિયાટ્રિશિયન, ગાયનેક, સ્કીન સ્પેશ્યાલિસ્ટ, ઓપ્થેલમોલોજીસ્ટ, ઓર્થોપેડિક, કાર્ડીયાક ચેકઅપ વગેરે સુવિધા માત્ર રૂ. ૧૦૦/–, આંખ વિભાગ રૂ.૫૦/– ના દરે તપાસ થાય છે.

# કારોબારીના સભ્યશ્રીઓ

શ્રી ધરમભાઈ પરશોત્તમભાઈ લાઠિયા – પ્રમુખશ્રી
શ્રી માવજીભાઈ પ્રેમજીભાઈ સવાણી – ઉપપ્રમુખશ્રી
શ્રી ભગવાનભાઈ કલ્યાણભાઈ કુકડિયા – ઉપપ્રમુખશ્રી
શ્રી નાગજીભાઈ જસમતભાઈ પટેલ – મંત્રીશ્રી
શ્રી મોહનભાઈ રામજીભાઈ મુંજાણી – સહમંત્રીશ્રી
શ્રી મનુભાઈ જીવરાજભાઈ બલર – સહમંત્રીશ્રી
શ્રી વલ્લભભાઈ પદમશીભાઈ કાંસોદરિયા – ખજાનચીશ્રી
શ્રી મૂળજીભાઈ વશરામભાઈ ધામેલિયા – સહખજાનચીશ્રી
શ્રી માણેકભાઈ શામજીભાઈ લાઠિયા – સહખજાનચીશ્રી
શ્રી જાદવભાઈ રામજીભાઈ મોણપરા – કો–ઓર્ડિનેટરશ્રી
શ્રી વલ્લભભાઈ પ્રેમજીભાઈ સવાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી જીવરાજભાઈ પરશોત્તમભાઈ સુરાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી કિશોરભાઈ ભીખાભાઈ વિરાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી મનજીભાઈ માવજીભાઈ પટેલ – કારોબારી સભ્યશ્રી
શ્રી ધનજીભાઈ ગાંડાભાઈ ઝડફિયા – કારોબારી સભ્યશ્રી
શ્રી અનુભાઈ દેવરાજભાઈ તેજાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી મોહનભાઈ ધનજીભાઈ પટેલ – કારોબારી સભ્યશ્રી
શ્રી ખીમજીભાઈ કલ્યાણભાઈ દેવાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી ઓધવજીભાઈ પ્રમજીભાઈ ખેની – કારોબારી સભ્યશ્રી
શ્રી હિંમતભાઈ મોહનભાઈ ખેની – કારોબારી સભ્યશ્રી
શ્રી કૌશીકભાઈ રામજીભાઈ કીકાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી ઓધવજીભાઈ સવજીભાઈ શિહોરા – કારોબારી સભ્યશ્રી
શ્રી જસમતભાઈ નાનુભાઈ વીડિયા – કારોબારી સભ્યશ્રી
શ્રી ચંદુભાઈ મોહનભાઈ લાખણકિયા – કારોબારી સભ્યશ્રી
શ્રી વેલજીભાઈ મોહનભાઈ શેટા – કારોબારી સભ્યશ્રી
શ્રી ભુપતભાઈ ભીમજીભાઈ વિરાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી નરશીભાઈ દિયાળભાઈ વિઠ્ઠાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી લાધાભાઈ ઓધવજીભાઈ મૈયાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી ગોરધનભાઈ કલ્યાણભાઈ શિહોરા – કારોબારી સભ્યશ્રી
શ્રી વલ્લભભાઈ લાલજીભાઈ કાકડિયા – કારોબારી સભ્યશ્રી
શ્રી મનોજભાઈ ઓધવજીભાઈ ગોધાણી – કારોબારી સભ્યશ્રી
શ્રી જીવનભાઈ ભગવાનભાઈ સાસપરા – કારોબારી સભ્યશ્રી
શ્રી બાબુભાઈ લાઠિયા – એમ.ડી.શ્રી (ગુજરાતી માધ્યમ)
શ્રી કે.સી. પટેલ – એમ.ડી.શ્રી (અંગ્રેજી માધ્યમ)









# માન. પ્રમુખશ્રીનો સંદેશ



વાલીશ્રી,

દરેક માતા–પિતા માટે બાળક મહામૂલું છે. તેના આરોગ્ય સાથે સુખદ ભાવિ માટે અનેક સપનાઓ જોવા સ્વાભાવિક છે. બાળક કુટુંબ માટે જેટલું મોંઘેરું હોય, તેટલું જ મોંઘેરું સમાજ અને રાષ્ટ્ર માટે પણ હોય છે. માતાપિતાની બાળક પ્રત્યેની આ આશા તથા અપેક્ષાને પૂર્ણ કરવા અમારું ટ્રસ્ટ પ્રયત્નશીલ છે.

અમારી સંસ્થા શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરત ચેરિટી કમિશનર ઓફિસમાં તા. ૦૩/૦૭/૨૦૦૨ થી રજિસ્ટર છે. સુદૃઢ બાળક અને સુયોગ્ય કેળવણી દ્વારા ભારતના ભાવિ નાગરીકો ઘડાય તે ઉદ્દેશ્યથી જાતિ, મત, પંથના ભેદભાવ વગર શિક્ષણ અને આરોગ્ય માટે અમારું ટ્રસ્ટ નીચે મુજબની સંસ્થાઓ સમાજ સેવા માટે કરેલ છે.

**૧) માતૃશ્રી ગોદાવરીબા ગાંડાભાઈ ઝડફિયા મેડિકલ સેન્ટર એન્ડ મેડિકલ સ્ટોર**
**શરૂઆત તા. ૧૪/૦૧/૨૦૦૭ ઉતરાયણના દિવસે**

**૨) શ્રી દેવરાજભાઈ બાવાભાઈ તેજાણી – મેડિકલ સેન્ટર અને મેડિકલ સ્ટોર,**
**લક્ષ્મી દર્શન કોમ્પ્લેક્ષ, સ્વામીનારાયણ મંદિરની સામે, ડભોલી સર્કલ, વેડરોડ, સુરત–૪**
**શરૂઆત ઓકટોબર ૨૦૦૭ દશેરાના દિવસે**

**૩) શ્રી જે. બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલ, લસકાણા – સુરત.**
**શરૂઆત એપ્રિલ ૨૦૦૯ અખાત્રીજના દિવસે (CBSE અંગ્રેજી)**
**શરૂઆત ૧૩ જૂન ૨૦૧૧ ના દિવસે (GSEB ગુજરાતી માધ્યમ)**

આજનો યુગ જ્ઞાન અને ટેક્નોલોજીનો છે. જે માટે ગુણવત્તાયુકત શિક્ષણ ખૂબ જરૂરી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં અન્ય શાળાઓમાં વાલીશ્રીઓને વિશ્વાસ ન હોવાથી તેમજ ખાનગી શાળાઓમાં ડોનેશન અને તગડી ફી વસુલાતી હોવાથી શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટનાં ૯૦ ટ્રસ્ટીશ્રીઓએ દ્રઢ નિશ્ચય કર્યો કે એક એવું સંકુલ કે જ્યાં મધ્યમ વર્ગના બાળકો કોઈપણ પ્રકારના ડોનેશન વગર અને ઓછામાં ઓછી ફી ભરી તેમના બાળકોને શિક્ષણ અપાવવામાં સહાયરૂપ થઈ શકે.

આપ સૌએ આપના પાલ્યના અભ્યાસ માટે અમારી સંસ્થાની પસંદગી કરી તેમના ઉદ્દેશ્યને મૂર્તિમંત કરવા અમારી સંસ્થા કાયમ આપની સાથે છે.

બદલતા યુગમાં પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં સર્વસમાહીત અભિગમની સાથે વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણની સાથે સાથે ૨૧ મી સદીના પડકારોને સર્જનાત્મક રીતે ઝીલવા માટે આપના બાળકને સક્ષમ બનાવવાનો અમારો હેતુ છે. બાળકના માનસિક વિકાસ ઉપરાંત શારીરિક સામાજિક, ભાવાત્મક વિકાસ થાય. વર્ગખંડમાં અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમ્યાન બાળકોને શીખવા માટેના જરૂરી અવસર મળતા રહે જેથી તેઓ તેમના જ્ઞાનનું નિર્માણ કરતા રહે. માટે આ વિદ્યાસંકુલમાં યોગ્ય તાલીમી શિક્ષકોને નિમણૂંક આપી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે સહભાગી બનાવીએ છીએ.

સુવિધાયુકત વર્ગખંડો, ભૂંકપ, વિરોધી ટેકનિકથી બનેલા ભવનો, આધુનિક લાઈબ્રેરી, કમ્પ્યુટર લેબ, કેમેસ્ટ્રી ફિઝીકસ, બાયોલેબ, તથા ઓડીટોરીયમ તથા વિશાળ મેદાન બગીચા તથા વોકિંગટ્રેક રમતગમત સંબધી સાધનો દ્વારા બાળકમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર લાવવા પૂરતા પ્રયત્નો થઈ રહ્યા છે.

**લિ. આપનો સ્નેહાધીન**
**ધરમભાઈ પી. લાઠિયા**
**પ્રમુખશ્રી**

# માન. ઉપપ્રમુખશ્રીનો સંદેશ



સુજ્ઞવાલીશ્રી,

નમસ્કાર.......

શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ – સુરત સંચાલિત, જે. બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલની પ્રગતિથી આંનદની લાગણી અનુભવું છું.

આજે આ ટેક્નોલોજી અને વિશ્વીકરણ આપણા સમાજમાં ભારે પરિવર્તનો લાવી રહ્યું છે. ત્યારે સારું અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપતી સંસ્થાઓ સમાજ માટે ખૂબ જ જરૂરી છે.

" આધુનિક માનવ સુખ વગર આનંદ શોધે છે, જ્ઞાન વગર સુખ શોધે છે, અને ડહાપણ વિના જ્ઞાન શોધે છે.

આજે વિશ્વ હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે ત્યારે દરેક માતા – પિતાને ચિંતા હોય છે કે, 'મારું બાળક પાછળ ન રહી જાય !' આ માટે જરૂરી છે 'ઉચ્ચ ગુણવતાવાળું શિક્ષણ.' પરંતુ ડોનેશન અને ઊંચી ફી એમનો ચિંતાનો વિષય હોય છે. આપણી આ સંસ્થા એક સેવાનું કામ કરી રહી છે. અને સારામાં સારું શિક્ષણ ઓછામાં ઓછી ફી લઈને આપી રહી છે. આપણી આ સંસ્થામાં કોઈપણ કક્ષાએ ડોનેશન કે વિકાસ ફાળો લેવાતો નથી. સાથે મૂલ્યનિષ્ઠ શિક્ષણ એ અમારા ટ્રસ્ટીશ્રીઓનું સ્વપ્ન છે. જે આપના બાળકોને મળતું રહે તેવા પ્રયત્નો કાયમ રહેશે. તેની ખાતરી આપું છું.

**લિ. આપનો સ્નેહાધીન**
**શ્રી માવજીભાઈ પ્રેમજીભાઈ સવાણી**
**ઉપપ્રમુખશ્રી**







# માન. ઉપપ્રમુખશ્રીનો સંદેશ



સુજ્ઞ વાલીશ્રી,

આજે સમગ્ર દેશમાં વિકાસનો પવન ફુંકાયો છે ત્યારે દરેક જણનો વિકાસ ખૂબ જ જરૂરી છે. સામન્ય વર્ગનાં બાળકો સમાજમાં યોગ્ય સ્થાન મેળવી શકે તેવા હેતુથી શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજયુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટની સ્થાપના થઈ. સંકલ્પ હંમેશા શ્રેષ્ઠ પરિણામ આપે છે. જેનું ઉદાહરણ જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યાસંકુલ છે.

ભૌતિક સુવિધાઓથી સજ્જ આ સંકુલમાં ૧૫૦૦૦ વિદ્યાર્થી મનની અપેક્ષાને પૂર્ણ કરવા અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાસંકુલમાં દાખલ થતાં દરેક વિદ્યાર્થીને સાચો અને કર્તવ્યનિષ્ઠ માનવી બનાવવો એ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.

દરેક બાળક શિક્ષણ દ્વારા આત્મનિર્ભર બને તેવો સકારાત્મક અભિગમ ધરાવતા ટ્રસ્ટીશ્રીઓ, પરિશ્રમી અને નિષ્ઠાવાન કર્મચારીગણ તથા સહકાર આપવાની ભાવના વાળા વાલીશ્રીઓએ હાથમાં હાથ પરોવી એકતાની સાંકળ રચી અને એટલે જ સફળતાના સાત કદમોને પાર કરી શિક્ષણ જગતમાં પ્રગતિનાં ઉચ્ચ શિખરોને આપણે સૌ આંબીશું તેવો વિશ્વાસ આપ સૌને આપું છું.

નેવું જેટલા ટ્રસ્ટીશ્રીઓ જ આજના સમાજની એકતાનું ઉદારણ છે અને એટલે જ સંકુલમાં દાખલ થતા દરેક વિદ્યાર્થીને માનવી બનાવવાની મથામણ અને તે કોઈનું અહિત ન કરે તે માટેના પ્રયત્નોથી જ તો અમારુ આ સંકુલ અન્ય સંકુલોથી ભિન્ન અને વિશેષ છે.

આપનું બાળક વિદ્યાસંકુલમાં રહી પ્રગતિના શ્રેષ્ઠ સોપાનો સર કરે તેવી શુભેચ્છા સહ....

**લિ. આપનો સ્નેહાધીન**
**શ્રી ભગવાનભાઈ કલ્યાણભાઈ કુકડિયા**
**ઉપપ્રમુખશ્રી**







# માન. મંત્રીશ્રીની કલમે



વાલીમિત્રો,

"મૂળ બની મ્હોર્યાં અમે, ફૂલ બની ફોર્યાં અમે
જ્ઞાનરૂપી અત્તર દેવા કાજે, કાળજાને કોર્યાં અમે."

જયારે વર્ગને સ્વર્ગ બનાવવો હોય, નિશાળને વિશાળ બનાવવી હોય, વિદ્યાર્થીને શાળાના ઉંબરાથી અંબર સુધી લઈ જવા હોય તો બાળકોમાં શિસ્ત, સંસ્કાર અને શિક્ષણ જરૂરી છે અને તે બધું જ અર્પે છે જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યાસંકુલ.

વર્તમાન સમયમાં જ્ઞાનનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. માત્ર અક્ષરજ્ઞાન પૂરતું નથી. અદ્યતન ટેકનોલોજીનો વિકાસ જે ગતિથી થઈ રહયો છે તે જોતાં સમય સાથે કદમ મિલાવીને જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજો સાથે આગળ વધવું જરૂરી છે. યુવા પેઢીમાં શિક્ષણની સાથે અન્ય વિશેષતાઓ અને લાયકાતમા વધારો થાય એ દિશામાં અમારું સંકુલ પણ અગ્રેસર બને તે જરૂરી છે.

અમારી શાળામાં શિક્ષણ સાથે યોગ, સ્કેટિંગ, ડાન્સ, કરાટે અને સંગીત જેવી વિવિધ અન્ય પ્રવૃત્તિ કરાવવામાં આવે છે કે જેથી બાળકોમાં શારીરિક અને માનસિક વિકાસ થાય.

આજની ૨૧ મી સદીમાં કોમ્પ્યુટરનું મહત્ત્વ દિન પ્રતિદિન વધતું જાય છે. તો આજના બાળકો કોમ્પ્યુટરના શિક્ષણથી કઈ રીતે બાકાત રહી શકે ? તે માટે અદ્યતન ટેક્નોલોજીને ધ્યાનમાં રાખીને આધુનિક કોમ્પ્યુટર લેબ સજ્જ કરવામાં આવી છે. ધોરણ ૧૧–૧૨ સાયન્સને ધ્યાનમાં રાખીને ફિઝિકસલેબ, કેમેસ્ટ્રીલેબ તથા બાયોલોજી લેબ બનાવવામાં આવી છે.

આધુનિકમાં પણ આધુનિકતા ઊભી છે, આ સંકુલના ભવનોમાં ટેકનોલોજી વિવિધતા ગુંજે છે, આ સંકુલના ભવનોમાં પ્રકૃતિની ગોદમાં વિદ્યાની સુંગધ પ્રસરે છે, આ સંકુલના ભવનોમાં જ્ઞાનરૂપી સાગરના જળછલકાય છે, આ સંકુલના ભવનોમાં અંધકારમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય છે, આ સંકુલના ભવનોમાં ગીત સંગીતના સૂરો ગુંજે છે, આ સંકુલના ભવનોમાં સુંદર સ્વાસ્થ્યની સરિતા ધૂમે છે, આ સંકુલના ભવનોમાં જ્ઞાન વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે છે, આ સંકુલના ભવનોમાં બાગ–બગીચાની સુંગધો પ્રસરે છે, આ સંકુલના ભવનોમાં ઉચ્ચતામાં પણ સર્વોચ્ચતા ખીલે છે. આ સંકુલના ભવનોમાં બીજમાંથી વૃક્ષ વિકસે છે. આ સંકુલના ભવનોમાં સરસ્વતીની વીણાનો સૂર ગુંજે છે, આ સંકુલના ભવનોમાં સરસ્વતીનું મંદિર છે, વિદ્યાર્થીઓ વિદ્યાની અર્ચના કરે છે. આ સંકુલના ભવનોમાં

**"સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી,**
**મળે સૌને માતૃભાષા ગુજરાતી."**

તેજ હેતુને સર કરવા શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજયુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટે શ્રી જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલ ગુજરાતી માધ્યમની શરૂઆત સન્ ૨૦૧૦–૧૧ માં કરી જે આજે વટવૃક્ષની જેમ વિસ્તરી જેનું એક પાન આપનું બાળક આવનાર દિવસોમાં હશે એવી અભિલાષા સહ....

**લિ. આપનો સ્નેહાધીન**
**શ્રી નાગજીભાઈ પટેલ**
**મંત્રીશ્રી**

# માન. ખજાનચીશ્રીની કલમે



સુજ્ઞવાલીશ્રી,

સાદર નમસ્કાર...

શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરત સંચાલિત જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલના શાળાના શિક્ષકો ને કંઈક કહેવા માગું છું. ‘‘આંખ ખુલ્લી છે ત્યાં સુધી વિદ્યાર્થીઓને ક્ષણ...ક્ષણ... શિક્ષણ આપતો રહે એ શિક્ષક’’ આજે ખાનગીકરણના પગલે પગલે અત્યંત આધુનિક શાળાઓ અસ્તિત્ત્વમાં આવી રહી છે. શાળાનું વિશાળ અને આકર્ષક મકાન, ઉત્તમ પુસ્તકોથી ઉભરાતું પુસ્તકાલય છે. ઉતમ અને વ્યવસ્થિત પ્રયોગશાળા. તે સંજોગોમાં શિક્ષકનું સ્થાન કેવું અને કયાં હશે ? આથી શિક્ષણની નૂતન પદ્ધતિઓ જાણવી પડશે અને વર્ગમાં તે રીતે શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે. શિક્ષણેતર વિષયોની જાણકારી હોવી આવશ્યક છે. વિદ્યાર્થીઓમાં રહેલી શારીરીક, માનસિક, બૌદ્ધિક, સર્વાંગિક શકિતઓ ખૂલે અને ખીલે એવું શિક્ષણ આપવું અનિવાર્ય છે અને એટલે જ આ સંકુલના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા ઉત્તમ શિક્ષણ આપવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

સંસ્થાના આ ધ્યેયને સિદ્ધ કરવા આપણે સૌ હળીમળીને કાર્ય કરીએ. વિદ્યાર્થી વિકાસ અને રાષ્ટ્રસેવા કરી સામાજિક સંબંધોને સાર્થક કરવા માટે ચોક્કસ પ્રકારના ગુણોનો વિકાસ કરે અને સમાજ ઉપયોગી કાર્ય કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

**લિ. આપનો સ્નેહાધીન**
**શ્રી વલ્લભભાઈ પદમશીભાઈ કાંસોદરિયા**
**ખજાનચીશ્રી**









# માન. મનેજિંગ ડિરેક્ટરશ્રીનો સંદેશ



**શિક્ષણનું પંચામૃત**

આપણા દેશમાં એક અભ્યાસ થયો અભ્યાસમાં એક પ્રશ્ન જુદા જુદા લોકોને પૂછવામાં આવ્યો કે "સમાજની સૌથી આદરણીય વ્યકિત કોણ ?" જે ઉત્તર મળ્યા તેમાં ધર્મગુરુ, અભિનેતા, રાજનેતા કે ક્રિકેટર એવાં કોઈનાં નામ ન આવ્યાં. બહુમતીએ માત્ર બે જ નામ આવ્યાં : (૧) સૈનિક (૨) શિક્ષક. લોકો આ બંનેને અદ્ભુત ભરોસો અને શ્રદ્ધાથી જુએ છે. શિક્ષક તાલીમમાં જાય – B.ed કે P.T.C કરવા જાય ત્યારે તાલીમ દરમિયાન શિક્ષકની મૂર્તિ તૈયાર થાય છે. પણ એને આપોઆપ પૂજા નથી મળતી, તેમાં પ્રાણ/ગુરુની પ્રતિષ્ઠા થવી જોઈએ. આજે શિક્ષણમાંથી 'કેળવણી' ની બાદબાકી થઈ છે. અગાઉના સમયમાં શિક્ષણ ઓછું અને કેળવણી વધુ હતી.

'શિક્ષણનું પંચામૃત' માં (૧) વિદ્યાર્થી (૨) વાલી (૩) આચાર્ય (૪) શિક્ષક અને (૫) ટ્રસ્ટીગણ છે. આ પાંચનું યોગ્ય માત્રામાં યોગ્ય રીતે મિશ્રણ થાય – ભેગા થાય તો સાચા અર્થમાં પંચામૃત બને.

**(૧) પંચામૃતનું દૂધ એટલે વિદ્યાર્થી :** શાળામાં સૌથી વધુ સંખ્યા હોય વિદ્યાર્થીઓની. પંચામૃતમાં પણ સૌથી વધુ પ્રમાણ હોય દૂધનું. દૂધમાં દહીં, છાશ, માખણ, ઘી, પનીર વગેરે બનવાની સંભાવના છે. બાળકમાં પણ કંઈ પણ બનવાની સંભાવના પડેલી છે. તેઓ સાત્ત્વિક દૂધ, જેવા છે. એને જે પ્રક્રિયામાંથી, જે બનાવવા માટે પસાર કરશો તેવા તે બનશે.

**(૨) પંચામૃતનું દહીં એટલે વાલી :** દહીંનો સ્વભાવ ખટાશ છે. વાલીઓ પણ બહુ ખાટા હોય છે. ખટાશ માપમાં હોય ત્યાં સુધી વાંધો નહીં. વધુ પડતી ખટાશ સ્વાદ અને સ્વાસ્થ્ય બગાડે. બાળક પર વધુ ખાટા–કડક ન થાઓ.

**(૩) પંચામૃતની સાકર એટલે શિક્ષક :** શિક્ષકનાં તમામ કાર્યોમાં મધુરતા જોઈએ. કનૈયા પર ગુસ્સો કરતી યશોદાના ગુસ્સામાં પણ મધુરતા છે. શિક્ષકમાં આવી મધુરતા જોઈએ. મધુર વર્તનથી જ માન કે આદર મળે છે. Respect is not demanded, it is commanded. શિક્ષકની મધુરતા જ તેને ચિરસ્મરણીય બનાવે છે.

**(૪) પંચામૃતનું મધ એટલે આચાર્ય :** મધમાં મીઠાશની સાથે થોડી ચીકાશ પણ છે. આચાર્યમાં મીઠાશની સાથે ચીકાશ પણ જરૂરી છે. કારણ કે એણે માઈક્રોમેનેજમેન્ટ કરવાનું છે. એ માટે ચીકાશ જરૂરી છે. પણ આ ચીકાશે લુબ્રીકન્ટનું કામ કરવાનું છે. એણે સ્નેહન કરવાનું છે, ટીમ સ્પીરીટ ઊભું કરવાનું છે. અને શિક્ષકોને સાંભળી ઘર્ષણ નિવારવાનું કામ કરવાનું છે. પૂર્ણતાનો આગ્રહ રાખવાનો છે. અને પ્રબંધન–મેનેજમેન્ટ પાસેથી પણ જરૂરી કામ સિફતપૂર્વક કઢાવવાનું છે. પ્રબંધન સાથેનું ઘર્ષણ પણ સ્નેહન વડે ટાળવાનું છે.

**(૫) પંચામૃતનું ઘી એટલે ટ્રસ્ટીગણ :** ઘીમાં પણ સ્નિગ્ધાતાનો ગુણ રહેલો છે. લાડુમાં ઓછું ઘી હોય તો લાડુ બંધાય નહીં, છૂટો પડી જાય. ટ્રસ્ટીઓએ સ્નિગ્ધતા દ્વારા શાળાનાં તમામ અંગોને જોડી રાખવાના છે, ટ્રસ્ટીઓમાં સ્નિગ્ધતા ન હોય તો શાળા ભાંગી જાય. ટ્રસ્ટીઓ એ પ્રબંધન છે. એણે સારા પ્રબંધન દ્વારા સૌને જોડી રાખવાના છે, We are not a poor country, we are poorly managed country. વસ્તીને જો યોગ્ય રીતે મેનેજ કરવામાં આવે તો તે Liabilily મટીને Asset બની જાય છે.

શિક્ષક અને સૈનિકની ફરજ માત્ર ૮ કલાકની નથી. એની ફરજ ૭×૨૪ કલાકની છે. શિક્ષકને હંમેશાં જિજ્ઞાસુ રહેવાનું છે. જે દિવસે શિક્ષકની જિજ્ઞાસા–વિસ્મય મર્યા તે દિવસે શિક્ષકત્વ–જીવન પણ ગયું સમજવું. શિક્ષક–વિદ્યાર્થીનો નાતો ગાય–વાછરડા જેવો છે. ગાયના થાનમાં દૂધ ભરાય એટલે એ વાછરડા પાસે જાય છે અને વાછરડાને ભૂખ લાગે એટલે એ ગાય પાસે જાય છે. એવું જ શિક્ષક–વિદ્યાર્થીનું સમજવું. વિદ્યાલય જળ છે. તો શિક્ષક માછલી છે. શિક્ષક જળ–વિદ્યાલય વિન ન જીવી શકે. દેશની નિરક્ષરતાને દેશવટો દેવાની હામ શિક્ષકમાં હોવી ઘટે. શિક્ષકનું કામ એ નોકરી નથી, યજ્ઞ છે. શિક્ષકે ૧૦૦ કૌરવોને જોઈને નિસાસા નથી નાખવાના, પાંચ પાંડવોને જોઈને પોરસાવાનું છે.

જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યાસંકુલ તેના કાર્યકરોના સહયોગથી આવા પંચામૃતને સાકાર કરવાના લક્ષ્યને સિદ્ધ કરવાના માર્ગ સફળતાપૂર્વક જઈ રહ્યું છે તે સમાજ માટે ગૌરવની બાબત છે.

**લિ. આપનો સ્નેહાધીન**
**શ્રી બાબુભાઈ યુ. લાઠિયા**
**મેનેજિંગ ડિરેક્ટર**

# આચાર્યશ્રીનો સંદેશ



મારા વ્હાલાં વાલી મિત્રો,

કોઈપણ સંસ્થા મોટા પાયા પરનું આયોજન કરે ત્યારે સાધનબળ, માનવબળ, સંબંધબળ અને શુભેચ્છાબળને ધ્યાનમાં રાખવાનું હોય છે. જો આ ચારે અંગે આયોજન અને જાગૃતિ હોય, અમલ વખતે સાથે જ મૂલ્યાંકન થતું હોય અને ઉચિત લાગે ત્યારે તત્કાળ ફેરફાર અંગેની તૈયારી હોય તો ઈષ્ટ પરિણામ સાકાર થાય છે. શ્રી ભાવનગર જિલ્લા લેઉવા પટેલ એજયુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટમાં રહી આવો અનુભવ થયો.

કેળવણી એટલે શું ? માત્ર શિક્ષણ આપવું એટલે કેળવણી ગ્રંથોનો અભ્યાસ એટલે કેળવણી ? ના તે પણ નથી જે અભ્યાસથી ઈચ્છાશકિતનો પ્રવાહ અને અભિવ્યકિત નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી.

આધુનિક યુગમાં જ્ઞાનની ગંગાને અવિરત વહેડાવવા ૯૦ ટ્રસ્ટીઓએ સાથે મળી સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડવું છે વળી ધર્મ સંસ્કૃતિ અને શિક્ષણના સુભગ સમન્વય થકી સમાજનો તથા વિદ્યાર્થીઓનો વિકાસ વેગવંતો બને તે માટે જે.બી. ડાયમંડ્ઝ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલમાં શિક્ષણ દ્વારા રાષ્ટ્ર અને ધર્મનું જતન એટલે જ અદ્યતન ભૌતિક સાધનો પણ વસાવવામાં આવ્યા છે. ટ્રસ્ટીશ્રીઓની દીર્ઘ દ્રષ્ટિ તથા હંમેશા કંઈક નવીનતમ કરવાના વિચારોને લઈને કમ્પ્યુટર, ગણિત, વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ભાષાખંડો આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે. શાળામાં સાંસ્કૃતિક મૂલ્યો ફરજિયાત પણે શીખવવામાં આવે છે.

શારીરિક સ્વાસ્થ્ય માટે યોગ અને સ્વબચાવ માટે કરાટે શિખવવામાં આવે છે. સ્કેટિંગ, શા.શિ., ડાન્સ દ્વારા શિખવવામાં આવે છે. સમયાંતરે શિક્ષકોને પણ શૈક્ષણિક સેમિનાર દ્વારા બદલાતા યુગાનું આધુનિક શિક્ષણનું જ્ઞાન આપવામાં આવે છે. સ્પર્ધા અને ટકાની જગ્યાએ બાળકને માનવતાલક્ષી અને જીવન ઉપયોગી શિક્ષણ પુરુ પડવામાં આવે છે.

પરિવર્તનના યુગમાં આપણે આપણાં બાળક સાથે કદમ મીલાવીએ તેની મુશ્કેલીને સમજી તેનામાં રહેલા ઉત્તમત્વને શોધી રાષ્ટ્રના સારા નાગરિક અને લાગણીશીલ સદસ્ય તરીકે પ્રસ્થાપિત કરવા સૌ સાથે મળી પ્રયત્ન કરીએ.

**લિ. આપનો સ્નેહાધિન**
**એમ. એચ. ઢુંમર**
**આચાર્યશ્રી**



## વિદ્યાસંકુલની વિશેષતાઓ

(૧) હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન શાળા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમાનુસાર કાર્યરત છે.

(૨) વિદ્યાસંકુલ ૩૩.૫૦ વીઘા જેટલી વિશાળ જગ્યામાં નૈસર્ગિક તથા પ્રદુષણ રહિત શાંત વાતાવરણમાં પથરાયેલ છે.

(૩) ૮ લાખ ચોરસ ફૂટમાં બાંધકામ સાથે આધુનિક ટેક્નોલોજીની મદદથી સુવિધાયુકત ઈન્ફ્રાસ્ટ્રકચરયુકત શાળા ભવનો ભૂકંપપ્રૂફ તથા ભવ્યાતિભવ્ય આકારિત છે.

(૪) સુરત શહેર તથા સુડા વિસ્તારમાં આવેલ શાળાઓ પૈકીની સઘળી શાળાઓની સરખામણીએ નીચેની ખાસ બાબતોમાં અલગ પડે છે. :–

- શાળા ભવનો તેમજ આનુષંગિક પ્રવૃત્તિ હોલ, લાઈબ્રેરી ભવન, કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, ઈન્ડોર સ્પોર્ટસ ભવન, પ્લેનેટોરીયમ, સેમીનાર હોલ, ઓડીટોરીયમ વગેરેના બાંધકામો 'પોસ્ટ ટેન્શનીંગ' ટેક્નોલોજી મુજબ નિર્માણાધીન છે. સુરતની સર્વે શાળાઓમાં આ ટેક્નોલોજી અપનાવનાર અમારી શાળા પ્રથમ છે.
- વિદ્યાસંકુલના દરેક ભવનોમાં હોસ્ટેલ તથા ભોજનાલયમાં ૬૦૦ LPH કેપીસીટીના RO પ્લાન્ટ છે જેથી બાળકોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તેમજ દર ત્રણ માસે પીવાના પાણીનું સરકારી લેબમાં પૃથક્કરણ.
- ૨૦૦૦ જેટલા બાળકો / વાલીશ્રીઓ એકી સાથે બેસી શકે તેવું સભાગૃહ નિર્માણાધીન.



- સુડા વિસ્તારની નોન–ગ્રાન્ટેડ ખાનગી શાળાઓની સરખામણીએ ઘણી જ ઓછી અને વ્યાજબી ફી–ધોરણ.
- વર્ષમાં બે વાર જનરલ નોલેજ પરીક્ષા, સાતથીએ વધારે યોગા, સ્કેટિંગ, કરાટે, ડાન્સ, સંગીત, 'આન' તથા ચિત્ર... જેવી અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ પણ.
- શિક્ષણક્ષેત્રમાં ૩૬ વર્ષ સુધી અમૂલ્ય યોગદાન આપી બહોળો અનુભવ ધરાવનાર તજજ્ઞશ્રીઓના ,ીધા માર્ગદર્શન તથા વ્યવસ્થાપનમાં વિકાસ પામતી શાળા.
- વિશાળ ઈન્ડોર તથા આઉટડોર સ્પોર્ટ્સ ઝોન.
- બાળકો માટે રાઈડ્ઝ, હીંચકા, ચકડોળ, પુલ અપ ટ્રેક વગેરે પ્લે ગ્રાઉન્ડમાં ઉપલબ્ધ.
- ઈ–કલાસરૂમો, ઈ–લાઈબ્રેરી તથા વર્ગખંડોમાં જ બાળકોનાં પુસ્તકો રાખી શકાય તેવી સુવિધા, હવા ઉજાસ માટે બારીઓ તથા વેન્ટીલેશન તથા બાળકોને બેસવા કમ્ફર્ટેબલ બેઠક વ્યવસ્થા.



- સ્કૂલ મેનેજમેન્ટ કમિટીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર તથા ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક બોર્ડના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટની સભ્યો તરીકે નિમણૂંક, જેથી તેઓશ્રીના અમૂલ્ય સૂચનોથી વિદ્યાસંકુલમાં વિદ્યાર્થીઓનો વિકાસ.

# ભોજન ગૃહ તથા હોસ્ટેલ સુવિધા

શુદ્ધ, સાત્વિક અને પૌષ્ટિક આહાર એ બાળકના વિકાસનો મુખ્ય આધાર છે. આથી હોસ્ટેલના ગુજરાતની માધ્યમના નિવાસી બાળકોને તાજું ભેજન લઈ શકે તેવું ભોજનગૃહ.

છાત્રાલયના વિદ્યાર્થીઓને સવાર–સાંજ નાસ્તો, બપોરે તથા રાત્રે ભોજન પીરસાય છે. ઉપરાંત રાત્રે ભોજન સાથે દૂધ પણ અપાય છે. ભોજનાલયની આયોજનબદ્ધ ગોઠવણીમાં પ્રવેશદ્વાર, હાથ ધોવાની વ્યવસ્થા, પીવાનું આર. ઓ. ટ્રીટેડ અને ફિલ્ટર્ડ પાણી, બાથરૂમ, સંડાસ તથા ડાઈનીંગ ટેબલની અનુક્રમિત ગોઠવણ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. સવારના એક કલાક દરેક રૂમમાં સોલર હીટરથી ગરમ પાણી ન્હાવા માટે ઉપલબ્ધ કરાયેલ છે. છાત્રાલયમાં કોમ્પ્યુટર – પ્રિન્ટર તેમજ ઈન્ટરનેટ સુવિધા પણ આપવામાં આવેલ છે.

## બાલભવન

શિક્ષણમાં રહેલું અંતવ્યાપ્ત જયારે સૌંદર્યવાન બનીને પ્રગટ થાય છે ત્યારે એક ઘટના બને છે. આવી મનભાવન ઘટના તે 'બાળ કેળવણી'

ખાસ નાનાં ભૂલકાંઓને ઘ્યાનમાં રાખી ગુજરાતી માધ્યમમાં જૂનિયર કે.જી. તથા સિનિયર કે.જી. માં આશરે ૧૪૦૦ જેટલાં બાળકોને સમાવી લેતું બાલભવન સંકુલ બધાનું ધ્યાન ખેંચી લે છે.

દરેક રૂમમાં વિવિધ રમકડાંઓ, ચિત્રો – શિલ્પો અને રંગોનો બખૂબી ઉપયોગ કરી શિક્ષણની નૂતન વિભાવનાને સાર્થક કરતું એન્જિનીયરીંગ કૌશલ્યનાં નમૂનારૂપ ભવન કાર્યરત છે. વિદ્યાસંકુલમાં ૨૮ વર્ગખંડો ધરાવતુ બાળભવન. શ્રી ધરમભાઈ લાઠિયા (ઘાંઘળી) પરિવારની ઉદાર સખાવત તથા સંસ્થાના આંશિક ભંડોળથી નિર્માણ કરાયેલ છે.

બાળક જે માગે તે નહિ, એને જે આપવું ઘટે તે આપો. આ વાતને સાર્થક કરવા બાલભવનનાં બાળકો માટે તાજો અને પૌષ્ટિક નાસ્તો ટ્રસ્ટ તરફથી ફ્રીમાં અપાય છે અને નાનાં બાળકોને મુકત વાતાવરણ મળી રહે તેનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. એક વર્ગમાં ૫૦ થી વધારે બાળકો નહીં તથા વર્ગ દીઠ બે માતૃભાવના યુકત શિક્ષિકાઓની સેવા તેમજ વર્ગ દીઠ એક આયા બહેનની સેવા ઉપલબ્ધ.









# હોસ્ટેલ



ધોરણ ૧૦ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ઘરથી અલગ રહી પોતાની સમજથી જ સ્વ વિકાસ કરી શકે. પરિવારથી દૂર રહી સંસ્કૃતિનાં મૂલ્યોને સમજે અને જીવનમાં ઉતારે અને સદાચરણ કરે તે માટે હોસ્ટેલ ખૂબ જ જરૂરી છે અને એટલે જ સંકુલના કેમ્પસમાં છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે.

જેમાં ચાર માળના આ ભવનમાં ડોરમેટરી, બંકર બેડ ધરાવતા તથા ૪ અલાયદા પલંગ ધરાવતા અદ્યતન ૪૦ રૂમોની વ્યવસ્થા છે જેમાં આશરે ૧૬૦ કુમાર રહી શકે તેવી ક્ષમતા છે. હોસ્ટેલ ફરતે ૧૦ ફુટ ઊંચી દીવાલ વિશેષ સુરક્ષા પૂરી પાડે છે. રાત–દિવસ મેટ્રન/રેકટરની દેખરેખ તથા રાહબરી નીચે બાળકોની નીગરાની તેમજ તબીબી સારવારની વ્યવસ્થા, બાળકો માટે દૂધ, શાકભાજી, ફળો તથા જવા–આવવા માટે ખાસ વાહનની વ્યવસ્થા, તાજા ભોજન માટે ડાયનીંગ હોલ તથા સ્પેશ્યલ રસોઈયા, સુરક્ષા માટે ખાસ આર્મ્ડ સિકયુરિટી તથા સી.સી.ટી.વી. કેમેરા, બાળકોના પ્રોજેકટ વર્ક માટે ખાસ કોમ્પ્યુટર લેબ, ઈન્ટરનેટ તથા પ્રિન્ટર સાથેની વ્યવસ્થા છે. બાળકો રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરે આગેવાની લેવા સક્ષમ બને તેવા પ્રયત્નોમાં આપ સૌ સહભાગી બનો એવી અપેક્ષા અસ્થાને નથી.



# : પ્રવેશ માટે લાયકાત :

| જૂ.કે.જી : ૩ વર્ષ પૂર્ણ ૩૧ મે ૨૦૧૯ | સિ.કે.જી. : ૪ વર્ષ પૂર્ણ ૩૧ મે ૨૦૧૯ | ધોરણ–૧ : ૫ વર્ષ પૂર્ણ ૩૧ મે ૨૦૧૯ |
|---|---|---|

**નોંધ :**

(૧) ગુજરાતી માધ્યમ માટે વય ૩૧ મે ની તારીખ ગણવાની રહેશે. જુનિયર થી ધો. ૧ સુધી પ્રવેશ માટે ઓરીજનલ જન્મ પ્રમાણપત્ર પ્રવેશફોર્મ લેવા આવો ત્યારે સાથે લાવવું જરૂરી છે.

(૨) વય મર્યાદામાં કોઈપણ જાતની છૂટછાટ મળી શકશે નહિ.

(૩) પ્રવેશફોર્મ શાળામાંથી મેળવેલ છે, તેથી પ્રવેશ મળી ગયો છે તેમ માનવાનું નથી.

પ્રવેશફોર્મ શાળામાંથી મેળવ્યા બાદ જરૂરી માહિતી ભરી શાળાની ઓફિસમાં કામનાં કલાકો દરમિયાન નિયત કરાયેલ સમય મર્યાદામાં જમા કરાવવાનું રહેશે. સાથે આગળના વર્ષનું રીઝલ્ટ અને શાળા છોડયાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ ધોરણોમાં " વહેલા તે પહેલા" નાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જેની નોંધ દરેક વાલીશ્રીએ લેવી. જો ખાલી જગ્યાની સામે નિયત સમયમાં વધારે અરજીઓ મળશે તો ટ્રાન્સપરન્ટ ડ્રોથી પ્રવેશ અપાશે, જે માટે સંસ્થાની "પ્રવેશ સમિતિ" નો નિર્ણય આખરી અને જે તે વાલીઓને બંધનકર્તા રહેશે.

## .... જૂનિયર કે.જી. થી ધોરણ ૧૨ સાયન્સ/કોમર્સ વાર્ષિક શૈક્ષણિક ફી....

| ક્રમ | ધોરણ | ફી (વાર્ષિક) | પ્રવેશ ફી | સત્ર ફી સેમ–૧ | સત્ર ફી સેમ–૨ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુનિયર કે.જી | ૬૫૦૦ | ૨૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૭૭૫૦ |
| ૨ | સિનિયર કે.જી | ૬૫૦૦ | ૨૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૭૭૫૦ |
| ૩ | ધોરણ – ૧ થી ૩ | ૭૦૦૦ | ૩૦૦ | ૫૫૦ | ૫૫૦ | ૮૪૦૦ |
| ૪ | ધોરણ ૪ થી ૮ | ૭૫૦૦ | ૩૦૦ | ૬૦૦ | ૬૦૦ | ૯૦૦૦ |
| ૫ | ધોરણ – ૯ | ૮૫૦૦ | ૩૦૦ | ૬૫૦ | ૬૫૦ | ૧૦૧૦૦ |
| ૬ | ધોરણ – ૧૦ | ૯૫૦૦ | ૩૦૦ | ૭૫૦ | ૭૫૦ | ૧૧૩૦૦ |
| ૭ | ધોરણ – ૧૧/૧૨ (કોમર્સ) | ૧૧૫૦૦ | ૩૦૦ | ૯૦૦ | ૯૦૦ | ૧૩૬૦૦ |
| ૮ | ધોરણ – ૧૧/૧૨ (સાયન્સ) | ૧૫૫૦૦ | ૩૦૦ | ૧૨૫૦ | ૧૨૫૦ | ૧૮૩૦૦ |

**નોંધ :** (૧) ટ્રાન્સપોર્ટેશન ખર્ચ, યુનિફોર્મ, બુકસ વગેરે ખર્ચનો સમાવેશ ફી ધોરણમાં થતો નથી.
(૨) મોંઘવારીને ધ્યાનમાં લઈને ઉક્ત દર્શાવેલ વાર્ષિક ફી ની રકમમાં ફેરફાર થઈ શકશે.

### : સ્કૂલનો સમય :

બાળભવન : ૯.૦૦ થી ૧.૩૦
ધોરણ ૧ થી ૫ : ૧૧.૩૦ થી ૫.૦૦
ધોરણ ૬ થી ૧૨ : ૭.૦૦ થી ૧૨.૦૦

### : હોસ્ટેલ વિભાગ ફી ધોરણ :

| હોસ્ટેલ અનામત | પ્રથમ સત્ર ફી | દ્વિતીય સત્ર ફી |
|---|---|---|
| રૂા. ૫૦૦૦ | રૂા. ૧૦૫૦૦ | રૂા. ૧૦૫૦૦ |

**નોંધ : સંસ્થાની અનુકૂળતા મુજબ ઉપરોકત સમયમાં ફેરફાર થઈ શકશે, જે સર્વે વાલીઓને બંધનકર્તા રહેશે.**

# સ્ટાફ નિવાસ

છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં બાળકોના ઉદ્‌ભવતા પ્રશ્નોનું નિરાકરણ તથા માર્ગદર્શન મળે તે હેતુથી એક અને બે બેડરૂમ હોલ કિચનના ૧૫–૧૫ યુનિટ ધરાવતા શૈક્ષણિક સ્ટાફ કવાટર્સ શાળાના પ્રાંગણના પૂર્વ છેડે તૈયાર કરાયેલ છે કે જેમના માટે સીધો બહરથી પ્રવેશ મેળવી શકાય.

આ સ્ટાફ નિવાસ ભવનો કુમાર છાત્રાલયથી નજીક હોવાથી બાળકોને વડીલોની હૂંફ મળી રહે છે. સ્ટાફના પરિવારની અન્ય જરૂરિયાતોને પહોંચી વળવા સ્ટાફ કવાર્ટ્સની રચના અદ્યતન રીતે કરેલ છે.



## પુસ્તકાલય

આ સૃષ્ટિ વિચારોની બનેલી છે. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે શક્ય હોય ત્યાં અને ત્યારે સુંદર વિચારો પહોંચે તે હેતુથી આજના સ્પર્ધાત્મક અને તનાવપૂર્ણ યુગમાં એકાગ્રતા, આત્મશ્રદ્ધા અને ઉત્તમ વિચાર શકિત કેળવીને દ્રઢ મને જગત સામે ઊભા થવાની શકિત અર્પતી સંજીવની એટલે પુસ્તકાલય. એટલે જ અમારા વિદ્યાસંકુલની મધ્યમાં ૧૪૦૦૦ પુસ્તકો ધરાવતું પુસ્તકાલય વિદ્યાર્થીની મહત્વાકાંક્ષાને પરિતૃપ્ત કરે છે. જયારે આવનારા દિવસોમાં ઈ–લાઈબ્રેરી તથા વિવિધ વિષયનાં ૨૦૦૦૦ પુસ્તકો વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થશે તેવું આયોજન છે. આ લાઈબ્રેરી ભવન બે માળનું બનાવાયેલ છે જેમાં નીચેના માળ ઉપર ટ્રેડીશનલ સીસ્ટમ તથા ઉપરના માળે ઈ–લાઈબ્રેરી સીસ્ટમ રહેશે.

આ પુસ્તકાલયમાં આધુનિક ટેક્નોલોજી દ્વારા કુદરતી પ્રકાશ અને હવા ઉજાશ મળે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓ મહત્તમ ઉપયોગ વધારે સમય સુધી કરી શકે.





## '' સુણી સમયનો સાદ, આપણે કરશું નવી શરૂઆત; શિક્ષણના આકાશમાં ઊગશે, રંગ કસુંબી પ્રભાત. ''

સૂર્યપુત્રી તાપી માતાની ગોદમાં વિકસેલું, ડાયમંડનો પ્રકાશ ચારે દિશામાં ચમકાવતું સ્વચ્છ સુંદર શહેર જે આજે વિશ્વ પ્રસિદ્ધ છે. આ પ્રસિદ્ધિના લીધે જ દેશના ખૂર્ણ–ખૂણેથી હજારો અને લાખો લોકો પોતાના સ્વપ્નોને સાકાર કરવા અહીં વસી રહ્યાં છે. ત્યારે દરેક વ્યકિત પોતાની ભાવિ પેઢીને સુસંસ્કૃત બનાવવા અદ્યતન અને વિશ્વસનીય શિક્ષણ સંસ્થા પ્રાધાન્ય આપે છે. આવી સંસ્થાઓમાં એક નામ એટલે 'જે.બી. ડાયમંડ્ઝ એન્ડ કાર્પ ઈમ્પેક્ષ વિદ્યા સંકુલ'.

૨૧ મી સદી એટલે જ્ઞાનની સદી. આ સદીમાં જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે ત્યારે જ્ઞાનયુકત સમાજનો આવિર્ભાવ થાય તેવા ઉદ્દેશથી ભાવનગર જિલ્લા લેઉવા પટેલ સમાજના મોભીઓ, આગેવાનો અને ઉધોગપતિઓએ કર્મભૂમિ સુરત શહેરમાં ઓછી ફી માં ઉત્તમ શિક્ષણ મળે તે માટે વિદ્યાસંકુલનું નિર્માણ કરેલ છે.

શુભ સંકલ્પમાં સૌનો સાથ હંમેશા મળે જ છે અને એટલે જ દાતાશ્રીઓએ પોતાના ધનનો સદુપયોગ થાય, રાષ્ટ્રને સરદાર જેવા બાહોશ નેતા મળે તેવા ઉદ્દેશથી સુરતના પૂર્વી પ્રવેશ દ્વારે રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર–૮ સાથે જોડતા સુરત–કામરેજ રોડ પર ૩૩.૫૦ વીઘાથી વધારે જગ્યામાં ગુજરાતી માધ્યમની તથા અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી. તેમાં અપાતા ઉચ્ચ ગુણવત્તા સભર શિક્ષણથી આમ સમાજ પરિચિત છે. વર્ષ ૨૦૧૮–૧૯ માં બંને માધ્યમના મળીને કુલ ૧૫,૦૦૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે.



આજના ઝડપી યુગમાં સમયની કિંમત ખૂબ જ છે. દરેક વાલી પોતાના બાળકોને પૂરતો સમય આપી શકતાં નથી. એટલે જ ટ્રસ્ટીઓએ વિદ્યા સંકુલના કેમ્પસમાં જ અદ્યતન સુવિધાયુકત હોસ્ટેલનું પણ નિર્માણ કરેલ છે. જેમાં ખૂબ જ ઓછી ફી માં શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. હાલ વર્ષ ૨૦૧૮–૧૯ માં ૮૦ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહી શ્રેષ્ઠ શિક્ષણ મેળવી રહ્યાં છે.

દીર્ઘદ્રષ્ટિ ધરાવતા ટ્રસ્ટીઓએ પોતાની કોઠા સૂઝ દ્વારા ગુજરાતી માધ્યમમાં ધોરણ–૧૨ સુધી સાયન્સ અને કોમર્સમાં વ્યાજબી ફી ધોરણમાં બાળકો અભ્યાસ કરી શકે તેવું આયોજન પણ કરેલ છે.

આ ગુજરાતી ભવનમાં પ્રયોગશાળા, લેંગ્વેજ લેબ, જીમ્નેશિયમ, ઈન્ટરનેટ સાથેની ચાર કોમ્પ્યુટર લેબ, ઈન્ડોર – આઉટડોર રમતની સવલતો, આરોગ્ય કેન્દ્ર, પ્રાર્થના ભવન તથા ૨૦૦૦ વ્યકિતઓ સમાવી શકાય તેવા ઓડિટોરીયમનો સમાવેશ થાય છે.

વૃક્ષાચ્છાદિત હરિયાળા બગીચા, વિશાળ મેદાનો, સ્ટ્રીટલાઈટ ધરાવતા વિશાળ રસ્તાઓ, પીવાનું સ્વચ્છ પાણી, ભોજનાલય, સ્ટાફ ક્વાર્ટર્સ, ૨૪ કલાક વીજળી માટે ઈલેકટ્રીક સબ–સ્ટેશન તથા જનરેટર, સંકુલના ફરતે પાકી દીવાલ તથા સુરક્ષા માટે સી. સી. ટી. વી. કેમેરા તથા ખાનગી સીકયુરીટી જેવી વ્યવસ્થા.

આમ, બાળકોના સર્વાંગી વિકાસ માટે પત્યેક સુવિધાઓ ઉપલબ્ધ છે.



# સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ




















# સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ




















# સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ



















# સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ






















# સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ























# પ્રેસ નોટ

## દિવ્ય ભાસ્કર
**28/7/2018, શનિવાર**

### વિદ્યાર્થીઓએ શિક્ષકોનું સન્માન કર્યું



સુરત | ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરત સંચાલિત જે.બી.કાર્પ વિદ્યા સંકુલમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ બાળકોએ પોતાના ગુરુજનોની પૂજા કરી જીવનમાં ગુરુનું મહત્વ અને સ્થાન વિષય પર અન્ય બાળકોને માહિતી આપી હતી. આ સાથે દરેક ગુરુજનોને મીઠું મોં કરાવી કંકુનું તિલક કરી પૂજન કર્યું હતું.

## દિવ્ય ભાસ્કર
**28/7/2018, શનિવાર**

### વિદ્યાર્થીઓએ લગ્નગીત ગાયા



જે.બી. કાર્પ વિદ્યા સંકુલમાં પ્રાચીન રીત-રિવાજો પ્રમાણે લગ્નગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પરંપરાગત વસ્ત્રોમાં પાઘડી પહેરીને લગ્નગીતો ગાયા હતા.

## City ભાસ્કર
**02/12/2018, રવિવાર**

### રગ્બી ફૂટબોલમાં હર્ષ અને પ્રયાગ રાષ્ટ્ર કક્ષાએ રમશે



સુરત | ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરત સંચાલિત જે.બી. કાર્પ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ હાલમાં જ યોજાયેલા રગ્બીફૂટબોલ અંડર-19માં સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શાનદાર દેખાવ કરવા બદલ પ્રયાગ સાસપરા, હર્ષ અમરસેડા અને હર્ષ ઠેસિયાની નેશનલ કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. રાજ્યમાં શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના શિક્ષકો, ટીમના કોચ, ટ્રસ્ટી, આચાર્યો અને પરિવાર તરફથી આ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

## City ભાસ્કર
**24/12/2018, સોમવાર**

### લગ્નગીત સ્પર્ધામાં જે.બી. એન્ડ કાર્પ સ્કૂલ ત્રીજા નંબરે



સુરત | ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ- સુરત સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલની વિદ્યાર્થિનીઓએ SMC તરફથી આયોજિત લગ્નગીત સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં પલક લાખાણી, આર્મી, ઉર્વિશા સતાસિયા, ઊર્જા ડોબરિયા, હસ્તિકા વેકરિયા, ટીશા કોરાટ, વૃંદા ડોબારિયા, વિધિ જીવાણી, હાર્દિકા દેસાઈ તથા નેન્સીએ ભાગ લીધો હતો.

## દિવ્ય ભાસ્કર
**13/03/2018, મંગળવાર**

### શાળામાં દાંડીયાત્રાની ઉજવણી કરવામાં આવી



સુરત : ગાંધીજીએ પોતાના સાથીઓ સાથે અમદાવાદના સાબરમતિથી લઈને દાંડી સુધી યોજેલી ઐતિહાસિક દાંડીયાત્રાની 12મી માર્ચના રોજ લસકાણા સ્થિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યાસંકુલમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીજીના પહેરવેશમાં આવેલા સ્ટુડન્ટે કરેલી યાત્રામાં અન્ય સ્ટુડન્ટ જોડાયા હતાં. અને આ યાત્રાનું ટીચર અને ટ્રસ્ટીઓ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

## City ભાસ્કર
**22/06/2018, શુક્રવાર**



શહેરની જે.બી.ડાયમંડ & કાર્પ ઈમ્પેક્સ વિદ્યા સંકુલમાં યોગ દિવસની ઉજવણી કરી વિદ્યાર્થીઓની સાથે વાલીઓએ પણ યોગ કર્યાં હતાં.

## City ભાસ્કર
**06/10/2018, શનિવાર**

### યોગ સ્પર્ધામાં હર્મિતને પ્રથમ પ્રાઇઝ મળ્યું

સુરત | ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધા એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં 140 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સપર્ધામાં જે.બી. એન્ડ પાર્ક વિદ્યા સંકુલના વિદ્યાર્થી હર્મિત વઘાસિયાએ વ્યક્તિગત અને ટ્રેડિશનલ ઈવેન્ટમાં પ્રથમ સ્થાને રહ્યો હતો. તેને 10 હજારનો ઈનામ પણ આપવામાં આવ્યો હતો.



## City ભાસ્કર
**07/12/2018, શુક્રવાર**

### જે.બી. એન્ડ કાર્પ વિદ્યાલયના ત્રણ ખેલાડીઓ નેશનલમાં રમશે



સુરત | ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરત સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ હાલમાં જ યોજાયેલી રોલબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો જે બદલ એમનું સિલેક્શન રોલબોલ અંડર-19માં રાષ્ટ્ર કક્ષાએ કરવામાં આવ્યું છે. જે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે તેમાં હર્ષ ઠેસિયા, વેનિસ સાવલિયા અને ધ્રુવ ઉપાડનો સમાવેશ થાય છે.

## City ભાસ્કર
**05/12/2018, બુધવાર**

### મહેસુસ ચિત્ર સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષાએ રમશે

સુરત | ગાંધીનગરના દહેગામ ખાતે ઉર્જા સંરક્ષણ રાષ્ટ્રીય અભિયાન-2018 ની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલના ધોરણ-9માં અભ્યાસ કરતો વિદ્યાર્થી મહેસુસ વસોયાએ સમગ્ર રાજ્યમાં ચિત્ર સ્પર્ધામાં બી ગ્રેડ મેળવી ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે.



# : વિદ્યાર્થીઓના ઘડવૈયા :

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| ઠુંમર મનસુખભાઈ એચ. (પ્રિન્સીપાલ) | M.A., B.Ed |
| લહેરી હીરેનભાઈ ડી. (પ્રિન્સીપાલ) | M.Com, B.Ed |
| કાબરિયા વૈશાલીબેન જી. (પ્રિન્સીપાલ) | P.T.C., B.A. |
| પટેલ બીનાબેન બી. (પ્રિન્સીપાલ) | M.Sc, B.Ed |
| પટેલ હસમુખભાઈ વી. (કો. ઓર્ડિનેટર) | B.A., B.Ed |
| પટેલ સંદીપભાઈ આઈ. (કો. ઓર્ડિનેટર) | M.A., B.Ed |
| વસાણી સંજયભાઈ આર. (કો. ઓર્ડિનેટર) | M.Com, M.Ed |
| પરમાર સંદિપભાઈ આઈ. (કો. ઓર્ડિનેટર) | M.A., M.Ed |
| કાલરિયા પુનિતકુમાર સી. (કો. ઓર્ડિનેટર) | M.Sc, B.Ed |
| સુખડિયા ગિરીશભાઈ પી. (કો. ઓર્ડિનેટર) | M.A., B.Ed |
| ગોયાણી અલ્પેશભાઈ એમ. (કો. ઓર્ડિનેટર) | M.A., B.Ed |
| ગજેરા રિપલબેન આર. (કો. ઓર્ડિનેટર) | P.T.C., B.A. |
| સોજીત્રા રંજનબેન વી. (કો. ઓર્ડિનેટર) | F.Y.B.A Pre. PTC |
| બોદરા નયનાબેન એ. (કો. ઓર્ડિનેટર) | Pre. PTC |
| ગોયાણી પારૂલબેન એ. (કો. ઓર્ડિનેટર) | M.A., B.Ed |

## બાલભવન વિભાગ

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| કુવાડિયા જાગૃતિબેન એ. | B.Com., Pre. P.T.C. |
| દુધાત જલ્પાબેન કે. | M.A Pre P.T.C |
| ચૌધરી કલ્પનાબેન એન. | M.A., B.Ed |
| ગૌદાની મનિષાબેન એન. | Bet Pre. P.T.C. |
| મોરડિયા સુનિતાબેન એસ. | FY B.Com Pre PTC |
| ઠુંમર નિતાબેન એમ. | BA. Pre. PTC. |
| કોલડિયા ભાવિકાબેન જે. | Pre. P.T.C. |
| માંગુકિયા આશાબેન એસ. | Pre. P.T.C. |
| વ્યાસ જયશ્રીબેન એન. | Pre. P.T.C. |
| ભકત કાલિન્દીબેન એચ. | P.T.C M.A |
| પટેલ હિનાબેન એસ. | P.T.C., B.Ed |
| શિંગાળા વૈશાલીબેન બી. | F.Y. Pre. P.T.C. |
| ધોળિયા કિંજલબેન એન. | Pre. P.T.C. |
| પરમાર દિવ્યાબેન ટી. | B.A. Pre. P.T.C. |
| શિહોરા નયનાબેન એસ. | Pre. P.T.C. M.A. |
| ચોડવડિયા અરૂણાબેન ટી. | Pre. P.T.C. |
| પ્રજાપતી હીરલબેન એ. | B.Com.P.T.C |
| ત્રાડા કિરણબેન બી. | B.A., Pre. P.T.C. |
| પરમાર સ્મિતાબેન એચ. | H.S.C., Pre. P.T.C. |
| કસવાળા શિલ્પાબેન એ. | H.S.C., Pre. P.T.C. |
| બોધરા અસ્મિતાબેન એન. | M.A., B.Ed |
| ગૌદાની વસંતબેન એસ. | Pre. P.T.C. |
| લાડ હિરલબેન પી. | B.Com., P.T.C. |
| બરવાળિયા પ્રવિણાબેન એસ. | H.S.C., Pre P.T.C. |
| પટેલ અંજનાબેન કે. | P.T.C |
| ગજેરા અસ્મિતાબેન એન. | Pre. P.T.C. |
| પટેલ ભારતીબેન બી. | B.A., Pre. P.T.C. |
| રાણા સેજલબેન પી. | Pre. P.T.C. |
| ગોહેલ નીતાબેન જે. | Pre. P.T.C. |
| ગૌસ્વામી જલેશ્વરીબેન વી. | Pre. P.T.C |
| ઠુંમર કૈલાસબેન એચ. | Pre. P.T.C |
| કાથરોટિયા ચંદ્રિકા એ. | B.A. Pre. P.T.C |
| ચૌધરી આરતીબેન બી. | B.A. Pre. P.T.C |
| વિઠ્ઠલાણી મિતાબેન કે. | T.T.N.C., Pre. P.T.C. |
| રૂડાણી ઉષાબેન આર. | B.A., Pre. P.T.C. |
| વિરાણી રાધીકાબેન એસ. | Pre. P.T.C |
| કોશિયા લક્ષ્મીબેન ડી. | Pre. P.T.C. |
| ગજેરા ભાવનાબેન એન. | Pre. P.T.C |

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| કોઠિયા સોનલબેન વી. | Pre. P.T.C |
| ત્રિવેદી મહેશ્વરીબેન એમ. | Pre. P.T.C. |
| રાવળ દિપીકાબેન પી. | B.Com., Pre. P.T.C |
| વસોયા જયશ્રીબેન બી. | Pre. P.T.C |
| સુતરિયા દર્શનાબેન જે. | Pre. P.T.C |
| પાનસુરિયા ઉર્મિલાબેન એમ. | B.A., Pre. P.T.C |
| પનારા નયનબેન બી. | Pre. P.T.C |
| મકવાણા રેખાબેન એસ. | Pre. P.T.C |
| સોનગરા શિલ્પાબેન ડી. | B.Com., Pre. P.T.C |
| સાવલિયા કાજલબેન જી. | Pre. P.T.C. |
| પટેલ નમ્રતાબેન એ. | B.A. Pre P.T.C. |
| માકડિયા શીલાબેન કે. | B.A. Pre P.T.C. |
| વઘાસિયા પ્રફુલાબેન જે. | Pre P.T.C. |
| તળાવિયા અંકિતાબેન પી. | Pre P.T.C. |
| પ્રજાપતી રીનાબેન એસ. | B.A. Pre P.T.C. |
| લહેરી સોનલબેન એચ. | H.S.C. Pre P.T.C. |

## ધોરણ ૧ અને ૫

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| ગામીત પ્રિંયકાકુમારી એમ. | P.T.C., B.A. |
| સાવલિયા સીમાબેન સી. | P.T.C., B.A. |
| ભુવા સેજલબેન ટી. | P.T.C., M.A. |
| ચૌધરી ઈલાબેન એન. | M.A., B.Ed. |
| હરખાણી વૈશાલીબેન જે. | M.A., B.Ed. |
| પારખીયા પૂનમબેન એમ. | P.T.C. B.A |
| આસોદરિયા મિતલબેન એ. | P.T.C., M.A. |
| મૈસુરિયા ચેતનાબેન એ. | P.T.C., B.A. |
| હરખાણી વૈશાલીબેન જે. | M.A B.A. |
| નાકરાણી વિતાબેન જી. | M.A. B.Ed |
| સાંકળિયા નયના કે. | M.A. B.Ed |
| સોધરી વજયંતીબેન પી. | P.T.C. |
| ગૌદાની મનિષાબેન એન. | B.A. B.Ed |
| અધ્વર્યુ આજ્ઞા એસ. | P.T.C. |
| દેસાઈ હેતલ આર. | P.T.C. |
| ઢીમ્મર મયુરીબેન પી. | P.T.C., B.A. |
| મોદી જીનલબેન જે. | M.A., B.Ed |
| વસાવા નયનાબેન કે. | P.T.C |
| પટેલ હેમલતાબેન એસ. | M.A., B.Ed |
| વઘાસીયા હેતલ કે. | M.Com, B.Ed |
| પટેલ મનિષાબેન એમ. | M.A., B.Ed |
| દેસાઈ જાગૃતિબેન પી. | P.T.C. M.Com |
| પટેલ કોમલબેન ડી. | P.T.C.B.A |
| પટેલ મયુરીબેન એ. | P.T.C. |
| રામાણી કાજલબેન બી. | M.A., B.Ed |
| સરધારા શિતલબેન જી. | P.T.C. B.A |
| ભુવા સેજલબેન ટી. | P.T.C M.A |
| પટેલ કરિશ્માબેન જે. | P.T.C. B.A. |
| બરવાળિયા રમાબેન વાય. | P.T.C |
| વણકર ચંદ્રિકાબેન પી. | P.T.C., B.A |
| સોલંકી મયુરીબેન યુ. | P.T.C., M.A. |
| પટેલ સોનલબેન એમ. | P.T.C. B.A |
| ગજેરા વિમ્રતાબેન એમ. | M.A., B.Ed |
| ગૌસ્વામી જસ્મિતાબેન જી. | P.T.C., B.A. |
| વસાવા મીનાબેન બી. | M.A., B.Ed |
| ધાધલિયા પ્રિંયકાબેન એ. | M.A., B.Ed |

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| ખાનપરા રિપલબેન આર. | P.T.C., B.A. |
| પટેલ ભૂમિકાબેન બી. | B.A. B.Ed |
| જાદવ મંજુલાબેન એમ. | P.T.C. M.A. |
| પટેલ હિનલબેન જે. | P.T.C., B.A. |
| વઘાસિયા તૃષાબેન કે. | P.T.C., B.A. |
| ધામેલિયા સોનલબેન એચ. | P.T.C |
| નસીત નયનાબેન જી. | M.Com CCC |
| સભાડિયા હેતલબેન જે. | S.Y.B.Com MS.Office |
| વઘાસિયા હેતલબેન | P.T.C., B.Com |
| ગોયાણી અલ્પેશભાઈ એમ. | M.A., B.Ed |
| ઠુંમર ગીતાબેન એલ. | M.A., B.Ed |
| ઘંટાળા પાયલબેન વાય. | P.T.C., B.A. |
| રામાણી કાજલબેન પી. | P.T.C |
| પરમાર હેતલબેન જી. | P.T.C., B.A. ITI(COPA) |
| પટેલ મિતલબેન એમ. | P.T.C. COPA |
| કોશિયા અમિષાબેન એન. | B.A., P.T.C |
| ધોળિયા રશ્મિબેન એમ. | M.Com. B.Ed |
| સભાયા પાયલપેન વી. | P.T.C. |
| ગામીત મંજુલાબેન કે. | P.T.C. B.A |
| માલવિયા સાજનાબેન વી. | M.Com. B.Ed |
| પટેલ દક્ષાબેન જે. | M.A.B.Ed |
| પટેલ પાયલબેન બી. | P.T.C., B.A. |
| પાઠક અસ્મિતાબેન એ. | M.A., B.Ed |
| ચાવડા અલ્પાબેન કે. | P.T.C. |
| માકડિયા પ્રજ્ઞાબેન એન. | M.A., B.Ed |
| વઘાસિયા સરિતાબેન પી. | P.T.C. |
| માલવિયા પૂજાબેન | P.T.C. B.A |
| પઢિયાર રાજેશ્રીબેન એ. | P.T.C., B.A. |
| સોની દેવિકાબેન સી. | B.Sc., B.Ed |
| પટેલ માયાબેન એમ. | B.A., B.Ed |
| મલેક નરગીસબેન એન. | M.A., B.Ed |
| પરમાર વર્ષાબેન આઈ. | M.A., B.Ed |
| તળાવિયા મોનિકાબેન પી. | P.T.C. |
| રાવળ માયાબેન બી. | M.A. B.Ed ITI |
| પટેલ આશાબેન એમ. | M.A. B.Ed |
| રણાવા જયોતિબેન આર. | M.A., B.Ed |
| દેસાઈ વૈદીકા ડી. | B.C.A |
| લહેરી સપનાબેન વી | M.A. PGDCA |
| પટેલ કિન્નરી આર. | P.T.C. M.A B.Ed |
| શિયાણી કોમલબેન કે. | B.B.A |
| ઝાલાવાડિયા રંજનબેન વી. | P.T.C. |
| ખેની નયનાબેન વી. | P.T.C |

## ધોરણ ૬ અને ૮

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| કોરાટ ભૂમિકાબેન એમ. | M.A., B.Ed. |
| ધોરાજિયા ભૂમિકાબેન આર. | P.T.C., B.A.M.A. |
| પટેલ વર્ષાબેન એસ. | M.Com, B.Ed |
| શેલડિયા પારસબેન પી. | M.A., B.Ed |
| નાકરાણી હર્ષિદાબેન આર. | B.Sc., B.Ed |
| જાજડિયા નયનાબેન જી. | M.A. B.Ed |
| સાવલિયા આશાબેન એસ. | B.A.M.Ed |
| ટંડેલ અશોકભાઈ પી. | A.T.D C.PED G.D.A. |
| ઘોડાસરા ચેતનભાઈ કે. | P.T.C., B.A. |
| કિકાણી નિરૂપાબેન આર. | B.S.C., B.Ed |
| વસ્તાણી ધર્મિષ્ઠાબેન વી. | M.A.B.Ed |
| વોરા અસ્મિતાબેન એ. | M.A., B.Ed |

# : વિદ્યાર્થીઓના ઘડવૈયા :

## ધોરણ ૬ થી ૮

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| મોરડિયા હિરલબેન બી. | M.A., B.Ed |
| પટેલ ચિરાગભાઈ આર. | P.T.C., M.A. |
| ખેંગાર મેઘનાબેન જે | B.S.C., B.Ed |
| પટેલ પ્રિયાબેન ડી. | M.S.C., B.Ed |
| પટેલ ડિમ્પલ બી. | M.A., B.Ed |
| લાઠિયા દયાબેન બી. | P.T.C., B.A. |
| સોરઠિયા પુનમબેન ટી. | M.A.B.Ed |
| હિરપરા શુભમભાઈ પી. | B.S.C., B.Ed |
| તેવાર કવિતાબેન એસ. | B.Sc B.Ed |
| વાડોદરિયા સૈનિકાબેન આર. | P.T.C M.Com |
| વાઘાણી પ્રણામીબેન એમ. | M.A., B.Ed |
| પરમાર યામિનીબેન એસ. | M.A., B.Ed |
| મુંગરા મોનિકાબેન એલ. | M.A., B.Ed |
| સિધ્ધપરા મિનલબેન વી. | M.Sc., B.Ed |
| ડોબરિયા રૂચિતા ડી. | M.Sc., B.Ed |
| શિહોરા મમતાબેન એસ. | M.A. B.Ed |
| માંગરોળિયા યોગીતાબેન એમ. | B.Sc B.Ed |
| ગમઢા પ્રદીપભાઈ પી. | P.T.C.M.A |
| પટેલ ધારાબેન બી. | P.T.C.M.A |
| પટેલ પ્રિયંકાબેન એ. | M.Sc B.Ed |
| જોખાકર મનિષાબેન ટી. | M.A., B.Ed |
| ધામેલિયા હિરલ બી. | P.T.C. M.Com |
| ચૌધરી વિસ્તુ એલ. | FINE ART B.A |
| બરવાળિયા મેહુલ જે. | Dance Diploma |
| ચૌધરી સતિષ એસ. | M.A B.P Ed |
| ગામીત વિજયકુમાર એમ. | M.A.B.Ed B.P.Ed |
| ચૌધરી રીતેશભાઈ ડી. | B.A., B.P. B.Ed M.P.Ed |
| ખેંગાર જયેન્દ્રસિંહ ડી. | FINE ART |
| પરમાર ટિંવકલબેન એસ. | M.A., B.Ed |
| ચૌધરી તેજસભાઈ યુ. | P.T.C. CCCTT |
| વસાવા ક્રિષ્ણાબેન યુ. | M.A., B.Ed |
| વાડોદરિયા નિલમબેન પી. | M.A.B.Ed |
| ટેલર અર્ચનાબેન એસ. | M.A.B.P Ed |
| ખાંભલા વિક્રમભાઈ એચ. | Sangit Visarad |
| બોરડ ઈશાબેન વી. | M.Com |
| કમાણી ક્રિષ્ણા એસ | M.A B.ED |

## ધોરણ ૯ અને ૧૦

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| રૂપાવટિયા જાગૃતિબેન ટી. | M.A. B.Ed |
| રીબડિયા ધર્મેશભાઈ એચ. | M.Sc., B.Ed |
| પટેલ નિમિષાબેન એમ. | M.A., B.Ed DCE |
| દેવાણી પિયુષભાઈ બી. | M.A., P.T.C. |
| પટેલ મેહુલ ડી. | B.Sc B.Ed |
| ઘેવરિયા વિરલબેન પી. | M.A B.Ed |
| પંડિયા રાધીકાબેન એ. | M.A B.Ed |
| કાસુન્દ્રા વિપુલભાઈ એમ. | M.A. B.Ed |
| પટેલ નિમીષાબેન એમ. | M.A. B.Ed DCE |
| સાવલિયા કૌશિકભાઈ જે. | M.Sc., B.Ed |
| વિઠ્ઠલાણી કાંતિલાલ એલ. | M.Sc., B.Ed |
| વાઘાણી અંકિતાબેન કે. | B.A., B.Ed |
| સુહાગિયા વૈશાલીબેન વી. | B.A., B.Ed |
| જોશી મનોજકુમાર એસ. | M.Sc., B.Ed |
| હિરપરા પૃથાબેન આર. | B.A B.Ed |
| બોરડ રાહુલભાઈ આર. | B.Sc., B.Ed |
| પટેલ શૈલેષભાઈ એલ. | B.Sc., B.Ed |
| માંગરોળિયા પ્રતિકભાઈ વી. | M.A., B.Ed |
| કુંભારિયાવાલા હિરેન એમ. | M.Sc., B.Ed |
| પોપટાણી સેજલબેન વી. | P.T.C. |
| કાસુન્દ્રા રેખાબેન બી. | M.A., B.Ed |
| ફળદુ જલ્પાબેન જે. | M.A., B.Ed |
| લખાણી રૂશાંતભાઈ જી. | B.Sc B.Ed |
| પટેલ વિભૂતીબેન આર. | B.C.A., M.C.A. |
| વેકરિયા કપિલદેવ સી. | B.C.A., M.C.A. |
| ઠુંમર ગોકુળભાઈ બી. | M.A., B.Ed |
| સુરિયા રીનાબેન જે. | M.A B.Ed |
| કમાણી ટ્વિંકલ વી. | M.A., B.Ed |
| પાંચાણી ખોડાભાઈ પી. | M.A., B.ed |

## ધોરણ ૧૧/૧૨ કોમર્સ

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| વઘાસિયા તોરલબેન જે. | M.Com.,B.Ed |
| ચોવટિયા આશાબેન પી. | M.Com., B.Ed. |
| રૂપાવટિયા આશાબેન ટી. | M.Com., B.Ed. |
| વાઘાણી વિભાબેન એ. | M.A., B.Ed. |
| ભાખર હિરેનભાઈ વી. | M.A., B.Ed. |
| વિરડિયા નિશાબેન આર. | B.Com., B.Ed. |
| ટંડેલ અક્ષયભાઈ એમ. | B.Com., B.Ed. |
| ગોહિલ કલ્પેશભાઈ પી. | M.Com., B.Ed. |
| વસાણી મનિષાબેન પી. | M.Com., B.Ed. |
| અકબરી મનોજભાઈ સી. | M.Com., B.Ed. |
| પ્રજાપતિ હર્ષદભાઈ પી. | M.A., B.Ed. |
| સોલંકી ધમેશભાઈ પી. | M.A. B.Ed. |
| ગોંડલિયા હરેશભાઈ એચ. | M.A., B.Ed. |
| ભટ્ટ વિશ્વાબેન જે. | M.A., B.Ed. |
| ચૌધરી દક્ષાબેન આર. | M.Phil, M.A., B.Ed. |
| વેકરિયા ધર્મિષ્ઠા એ. | M.Com., B.Ed. |
| જીવાણી અલ્પેશભાઈ ડી. | PGDCA |
| વસાવડા ભાનુબેન ડી. | M.Com., B.Ed |
| રાછડિયા સોનલબેન એસ | M.Com., B.Ed |
| પઠાણ ફરહિન ખાતુન શરીફખાન | M.Com., B.Ed |

## ધોરણ ૧૧/૧૨ સાયન્સ

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| રીબડિયા અસ્મિતાબેન બી. | M.Sc B.Ed M.Phil |
| માંગુકિયા નીલમબેન એન. | M.Sc .B.Ed D.M.L.T |
| માંગુકિયા સુરેશભાઈ આઈ. | B.R.S., B.Ed |
| સુવાગિયા અલ્પેશભાઈ આર. | M.Sc B.Ed |
| બુટાણી તૃષાબેન એમ. | B.C.A. |
| ગાંગાણી હિરલબેન જે. | B.Sc |
| દુધાત ફેનિલભાઈ એન. | B.Sc |

## કન્યા વિદ્યામંદિર

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| ચૌધરી રીના ટી. | P.T.C. |
| પટેલ વૈશાલીબેન જે. | P.T.C B.A |
| દોંગો સેજલ એસ. | P.T.C |
| સોલંકી જાગૃતિબેન એમ. | B.A., P.T.C |
| ચત્રોલા રાધિકાબેન કે. | P.T.C B.A |
| સુરેજા કમળાબેન એ. | B.A., B.Ed |
| ગજેરા પ્રભાબેન વી. | M.A B.Ed |
| લખાણી પારૂલબેન એસ. | M.Com B.Ed |
| માલવિયા ગૌરીબેન એન. | P.T.C B.Com |
| સરધારા અસ્મિતાબેન એચ. | P.T.C M.A |
| લાડોલા પ્રિયંકાબેન વી. | P.T.C. B.A.M.A |
| ઘોરી રીનાબેન વી. | P.T.C. |
| વાટલિયા અંજનાબેન વી. | P.T.C B.A |
| લુખી અનીતાબેન પી. | B.Sc B.Ed |
| ધોરાજિયા પિનલબેન આર. | P.T.C. M.A. |
| વાઘડિયા પારુલબેન આર. | B.Com., B.Ed |
| મોદી હેમાક્ષીબેન એ. | M.Com., B.Ed |
| પાઘડાળ વનિતાબેન આર. | M.A B.Ed, PGDCA |
| પટેલ સુમિત્રાબેન વી. | P.T.C. T.Y.B.A |
| કોલડિયા રેખાબેન એ. | M.A. C.P. Ed |
| સુવાગિયા એકતાબેન આર. | P.T.C. B.A |
| ઘોડાસરા દેવાંગીબેન | B.A., B.Ed |
| ગરાળા વિધિબેન | M.A., B.Ed |
| ગોયાણી ક્રિષ્ણાબેન એ. | P.T.C M.A |

## ધોરણ ૬ થી ૯ (કન્યા શાળા)

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| બાલધા દિપ્તીબેન આર. | M.Sc, B.Ed |
| જાવિયા મેઘાબેન ડી. | B.A, B.Ed |
| લાઠિયા સરોજબેન એન. | PTC, B.A. |
| સુથાર કિંજલબેન બી. | PTC,M.A.,M.Ed |
| રાસડિયા પાયલબેન બી. | PTC,B.A./M.A. |
| ભેસદડિયા અનુપમાબેન જે. | M.A, B.Ed |
| ખાનપરા અંકિતાબેન આર. | M.A.,M.Ed |
| પાઘડાર ટિંવકલબેન એચ. | Dip.com.eng. |
| માંગરોળિયા રાજલબેન ડી. | M.A.,B.Ed |
| પરમાર જૈમિનીબેન એસ. | A.T.D |
| ડોબરિયા રીંકલબેન જે. | P.T.C., B.A. |
| કુનડિયા વૈશાલીબેન આર. | B.Sc, B.Ed |
| ગમઢા ડિમ્પલબેન આર. | M.Sc, B.Ed |

## વહીવટી સ્ટાફ

| શિક્ષકશ્રી | લાયકાત |
|---|---|
| કરકર જતિન બી. | B.B.A., CTTC |
| લીંબાણી મનિષાબેન પી. | B.Com., C.C.C. |
| ચૌધરી દક્ષાબેન બી. | M.A. CCC |
| જોગાણી કિરણબેન | M.Com Telly |
| વઘાસિયા અરૂણાબેન | M.Com |
| પટેલ મીરા એમ. | B.Com |
| રામાણી કૃપાલી એસ. | B.Com |
| વસોયા વર્ષાબેન | B.Com |
| પટેલ માયાબેન જી. | B.C.A. |
| ગોર વિરેન્દ્રભાઈ | B.Sc |
| ચોવટિયા ઉર્વિશાબેન એન. | B.Com CCC |
| ડોબરિયા આરતી એ. | B.B.A. |
| આસોદરિયા સ્વાતી બી. | B.Com Telly |

શ્રી ભાવનગર જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ-સુરત.

વિદ્યા વિનયેન શોભતે

# જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ

( લસકાણા )



**ગુજરાતી માધ્યમ - ગુજરાત મા. અને ઉ.મા. બોર્ડ - ગાંધીનગર**

પ્રાથમિક વિભાગ માન્યતા ક્રમાંક : મકમ-૪/નવી-૩૭/ખપશ/માન્યતા/સુરત/તા. ૨૯-૦૬-૦૭
માધ્યમિક વિભાગ માન્યતા ક્રમાંક : મઉમશબ/ગ/નવી મા. શા./જૂન-૧૨/ટે.પ/૪૪૨૫-૨૬
ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ માન્યતા ક્રમાંક : મઉમશબ/શાનિ/જૂન-૧૩/૧૯૭૮૯-૯૧
ઉચ્ચત્તર માધ્યમિક સામાન્ય પ્રવાહ માન્યતા ક્રમાંક : મજાશબ/શાનિ/જૂન-૧૩/૧૯૭૮૫-૮૮
કન્યા વિદ્યા મંદિર માન્યતા ક્રમાક : મઉશબ/શાનિ/૨ભ્છ/જૂન-૧૮-૮૫૭૪/૭૭

ડાયમંડનગરની સામે, ઠાકોરદ્વારની ફાર્મની પાછળ, સુરત-કામરેજ રોડ, લસકાણા, જિ. સુરત-૩૯૫૦૦૬.

97149 92962, 63533 22881 jb_karpschool@yahoo.co.in Web.: www.jbkarpschool.com